## ગાંધીનગર મને ગમે છે...



**- પ્રમોદ ગીરજાશંકર દવે (નિવૃત અધિકારી)**

ગાંધીનગર નામ સાંભળતાં જ હરિયાળીવાળું રમણીય શહેર એવી છાપ સહેજેય ઉપસ્થિત થાય.

ગાંધીનગરની સ્થાપનાથી આજદિન સુધીની પ્રગતિના અમો પ્રત્યક્ષ સાક્ષી રહ્યાં છીએ.

મારી સરકારી નોકરીમાં નિમણૂંક ૧૯૭૩માં થઈ. ત્યારે ગાંધીનગર આંધીનગર કહેવાતુ. સેક્ટર-૧૬માં હું ૧૯૭૬થી રહેવા આવ્યો ત્યારે ગણ્યાગાંઠ્યા સેક્ટરો- ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨ મુખ્યત્વે અસ્તિત્વરૂપે હતાં. સાંજ પડ્યે ધૂળની ડમરીઓ, રાત્રે પેથાપુરના પાવરહાઉસમાંથી ઉડતી કોલ્સીની કણીઓ આ સેક્ટરોમાં ચાદરરૂપે છવાઈ જતી. સમયાંતરે ફેરફારો થતાં ગયાં અને નવા નવા સેક્ટરો, શોપીંગ સેન્ટરો, નવા નવા મોલો, મનોરંજનના જુદા જુદા થીયેટરોથી માંડી રેસ્ટોરન્ટસ અને હોટલોથી ગાંધીનગર છવાઈ ગયું. નવા નવા સેક્ટરો વિકસ્યા, જેનાં મૂળ કારણરૂપ સરકારી કર્મચારીઓને રહેણાંક માટે ફાળવાયેલાં પ્લોટ મુખ્યત્વે કારણરૂપ બન્યાં. જેથી નવા સેક્ટરો સે. ૧ થી માંડી ૮ સુધીનાં સેક્ટરો બન્યાં. વિકાસના પંથે આગળ વધતું ગાંધીનગર હરણફાળ ભરવા માંડ્યું. ૩૩ વર્ષની સરકારી નોકરી દરમ્યાન ગાંધીનગરે કેટલોય તડકો છાંયડો જોઈ નાંખ્યો. પરંતુ રહેનાર દરેક વ્યક્તિ એમ તો ચોક્કસ કહે કે રહેવું હોય તો ગાંધીનગરમાં જ. હરિયાળું શહેર, શાંતિપ્રિય વાતાવરણ, તમામ સગવડોથી સભર આવું સ્થળ કોને ન ગમે. અને અમે તો લગભગ ૫૦ વર્ષથી ગાંધીનગર જોયું છે.

# ખ-૩ થી મહાત્મા મંદિર તરફ માર્ગો પર અંધારપટ

## બે અઠવાડિયાથી સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં રહેતા રાત્રી દરમિયાન અકસ્માતનો ભય

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં ખ માર્ગ પર સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં જોવા મળી રહી છે. ખ-૩ માર્ગથી મહાત્મા મંદિર તરફ જવાના વિસ્તારમાં અંધકાર છવાઈ જાય છે. જેમાં અકસ્માત થવાની ભીતિ સર્જાઈ છે. આ વિસ્તારમાં રખડતા ઢોરો માર્ગ પર અચાનક આવી જાય છે જેના કારણે ગંભીર અકસ્માતો થવાનો ભય વાહનચાલકોમાં સતાવી રહ્યો છે. આ વિસ્તારમાં વાહનોની અવરજવર વધારે રહે છે. જેથી સ્ટ્રીટલાઈટોમાં ખામી સર્જાઈ હોય કે કોઈ અન્ય કારણ હોય તાત્કાલિક સ્ટ્રીટલાઈટો શરૂ કરવાની ઉગ્ર માંગ ઉઠી છે.

આ વિસ્તારમાં વીઆઈપી માણસોની પણ અવરજવર રહેતી હોય છે. મહાત્મા મંદિર ખાતે યોજાતા કાર્યક્રમોમાં દૂર દૂરથી વીવીઆઈપીઓ પણ આ વિસ્તારમાંથી પસાર થાય છે. ત્યારે અહીંયા ઘણા દિવસોથી સ્ટ્રીટલાઈટો બંધ થઈ જવાથી અંધારપટ છવાઈ જાય છે અને વાહનચાલકોને મુશ્કેલીઓ પડી રહી છે. સેક્ટર-૧૩ના ભાગમાં ઝુંપડપટ્ટીનો વિસ્તાર હોવાથી આ વિસ્તારમાં માણસોની અવરજવર પણ વધારે રહેતી હોય છે. અંધારપટમાં ફૂટપાથમાં ચાલવા નીકળતા નાગરિકોને મુશ્કેલીઓ પડી રહી છે. સ્ટ્રીટલાઈટો ડૂલ થઈ જવાથી રાત્રી દરમિયાન ચોર ઉચક્કાઓના આંટાફેરા રહેતા હોવાનું વસાહતીઓએ જણાવ્યુ હતું. આ વિસ્તારમાં અનેકવાર મોટા અને ગંભીર અકસ્માતો દિન દહાડે સર્જાયા છે. જે રાત્રી દરમિયાન વધુ અકસ્માતો સર્જાય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. પૂરઝડપે ચાલતા વાહનો અને મોટા મોટા ભારે વાહનોની અહીયા અવરજવર રહેતા સ્ટ્રીટલાઈટો રાત્રી દરમિયાન શરૂ રહેવી અનિવાર્ય રહેશે. ઘણી જગ્યાએ સ્ટ્રીટલાઈટો દિવસે પણ શરૂ જોવા મળે છે જે અયોગ્ય છે. જવાબદાર સત્તાધીશોએ નાગરિકોની મુશ્કેલી દૂર કરવી અનિવાર્ય છે. અવારનવાર બત્તી ગુલ રહેતા શહેરીજનો પણ કંટાળ્યા છે. આ અંધારપટને દૂર કરવા તાત્કાલિક પગલા ભરવા જોઈએ.

# સમર કેમ્પમાં એડવેન્ચર સ્પોર્ટ્સ અને ટ્રેકિંગનો ક્રેઝ વધ્યો

**ગુજરાતમાં સાપુતારા-ડાંગ અને રાજ્ય બહાર મનાલી હોટ ફેવરીટ : માત્ર શહેરી જ નહીં ગ્રામ્ય વિસ્તારોના બાળકો પણ જોડાઇ રહ્યાં છે.**







ગાંધીનગર, તા.૨૫

છેલ્લાં ઘણાં સમયથી યુવામોમાં એડવેન્ચર સ્પોર્ટ્સ અને ટ્રેકિંગનો ક્રેઝ જોવા મળી રહ્યો છે, જોકે અત્યાર સુધી આ ક્રેઝ એક 'ખાસ' વર્ગમાં જ વધુ જોવા મળતો હતો જ્યારે હવે કોરોના મહામારી પછી તેમાં ભાગ લેનારા યુવાનોની સંખ્યા વધી છે એટલું જ નહીં પરંતુ શહેરી વિસ્તારના 'ખાસ' પરિવારોના સંતાનો ઉપરાંત હવે તમામ વર્ગના યુવાનો સાથે ગ્રામ્ય વિસ્તારના યુવાનો પણ આ પ્રવૃત્તિઓમાં હોંશે હોંશે જોડાઇ રહ્યાં છે. આ માટે કદાચ સોશિયલ મિડીયાના આગમન બાદ વધી રહેલી જાણકારી ઉપરાંત સ્પર્ધાને કારણે ઓછા બજેટના પેકેજીસમાં થયેલો વધારો તેમજ બદલાતી વિચારધારા પણ કારણભૂત હોવાનું જણાઈ રહ્યું છે.

ઉનાળુ વેકેશનની શરૂઆત સાથે જ ગાંધીનગર શહેરમાં વિવિધ સમર કેમ્પના આયોજનો જોવા મળી રહ્યાં છે જેમાં લગભગ દરેક વયના બાળકો અને કિશોરો માટે વિવિધ પ્રવૃતિઓ શીખવાડવાની આકર્ષક ઓફરો હોય છે. આ સાથે કિશોર અને યુવા વયના બાળકો માટે પર્વતારોહણ જેવી પ્રવૃતિઓ જેમાં ટ્રેકિંગ, રોક ક્લાઈમ્બીંગ, સ્નો ટ્રેકિંગ, હાઈકિંગ, રેપલિંગ, ટેન્ટ સ્ટે ઓન ધ માઉન્ટ, રીવર ક્રોસિંગ, રીવર રાફ્ટિંગ સહિત તેના જેવી અન્ય એડવેન્ચર સ્પોર્ટ્સને આવરી લેતાં સમર કેમ્પના આયોજનો જોવા મળી રહ્યાં છે. આ પ્રકારના સમર કેમ્પમાં બે દિવસ-એક રાતથી લઈને સાત દિવસ-છ રાત સુધીના આયોજનો જોવા મળી રહ્યાં છે જેમાં ગુજરાતમાં ડાંગ જિલ્લાના સાપુતારા સહિતના વિવિધ ડેસ્ટિનેશન સાથે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં માઉન્ટ આબુ સહિતના ડેસ્ટિનેશન્સનો સમાવેશ થાય છે. જોકે ગુજરાત બહાર હિમાચલ પ્રદેશનું મનાલી, કસોલ અને કેદાર કંથા યુવાનોમાં ટ્રેકિંગ અને ટેન્ટ સ્ટે માટે સૌથી વધું હોટ ફેવરિટ ડેસ્ટિનેશન બની રહ્યું છે. ટ્રેકિંગ સાથે કેમ્પ ફાયર અને લોકલ સાઈટ દર્શન સાથે એડવેન્ચર્સ એક્ટિવિટીઝ આવરી લેતાં સમર કેમ્પ અત્યાર સુધી મોંઘા રહેતા હોવાને કારણે 'ખાસ' વર્ગના સંતાનો તેમાં ભાગ લેતાં હતા પરંતુ હવે ઘણાં બધા સમર કેમ્પ સ્વૈચ્છિક કે સેવભાવી સંસ્થાઓ દ્વારા આયોજિત કરાતા હોય છે જેમાં "નહીં નફો, નહીં નુકસાન"ના ધોરણે ટોકન ચાર્જ રાખવામાં આવે છે જેના કારણે દરેક વર્ગના અને ગ્રામીણ વિસ્તારના યુવાનો પણ તેમાં ભાગ લઈ રહ્યાં છે. વળી સોશિયલ મિડીયાને કારણે સ્પર્ધા વધતાં ચાર્જિસમાં ઘટાડો થવા સાથે કેમ્પના સમયગાળામાં પણ ફેરફારો જોવા મળી રહ્યાં છે જેમાં ઓછા સમયના કેમ્પ સસ્તા થવાથી દરેક વર્ગના કિશોરો-યુવાનોનું જોડાવું સરળ બન્યું છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગુરૂવારે આદિજાતિ વિસ્તાર ડેડીયાપાડાની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગુરૂવાર, તા.૨૬મી મે એ નર્મદા જિલ્લાના ડેડીયાપાડામાં વનબંધુઓને વાંસનું વિનામૂલ્યે વિતરણ અને વાંસ આધારિત ૪ કૌશલ્યવર્ધન કેન્દ્રના લોકાર્પણ કરશે. ડેડીયાપાડા ખાતે સવારે ૧૦ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં વનમંત્રી શ્રી કિરીટસિંહ રાણા તથા રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા અને પદાધિકારીઓ, વરિષ્ઠ અધિકારીઓ પણ સહભાગી થવાના છે. રાજ્યના વન વિસ્તારો, આદિજાતિ વિસ્તારોમાં વસવાટ કરતા લોકોને કૌશલ્ય સંવર્ધન તાલીમથી સજ્જ કરીને વાંસ વિકાસ કેન્દ્રોમાં તૈયાર થતી બનાવટો, ચીજવસ્તુઓને દેશ-વિદેશના બજારો સુધી પહોચાડવાનો નૂતન પ્રયત્ન વન વિભાગે હાથ ધર્યો છે.

તદઅનુસાર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ડેડીયાપાડા, નેત્રંગ, વધઈ અને કેવડી માં કુલ રૂ. બે કરોડના ખર્ચે તૈયાર થયેલા ચાર કૌશલ્યવર્ધન કેન્દ્રના લોકાર્પણ કરશે. શ્રી ભૂપેન્દ્ર પટેલ ડેડીયાપાડાના આ વાંસ આધારિત કૌશલ્યવર્ધન કેન્દ્રમાં બનાવાયેલા રૂરલ મોલ, વાંસ વર્કશોપ, આયુષ આરોગ્ય કુટિર તેમજ ડેડીયાપાડા તાલુકાની સ્થાનિક માતા-બહેનો દ્વારા સંચાલિત સાતપૂડા વન ભોજનાલય પણ ખુલ્લા મુકવાના છે.

મુખ્યમંત્રીશ્રી વન વિસ્તારોમાં કલસ્ટર ડેવલપમેન્ટ માટે ૩ કરોડ રૂપિયાના લાભ-સહાય, ઈકો ડેવલપમેન્ટ અને ઈકો ટુરિઝમના લાભ, વનબંધુઓને માલિકી લાભોનું વિતરણ કરવા સાથે વનબંધુ વિસ્તારોમાં વાંસ આધારિત પ્રવૃત્તિઓ કરતા વનવાસીઓને પુરસ્કાર એનાયત કરશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પ્રગતિશીલ વનબંધુ ખેડૂતો, વન વિકાસની સારી કામગીરી કરતી મંડળીઓને પણ પ્રશસ્તિપત્ર અર્પણ કરશે તેમજ ગુજરાતમાં વાંસ અંગેની વિસ્તૃત માહિતી સભર પુસ્તિકા ''બામ્બુ રીસોર્સ ઓફ ગુજરાત''નું વિમોચન કરવાના છે. આદિજાતિ સમૂહોના સર્વાંગી ઉત્કર્ષની ભાવનાથી આ સમગ્ર કાર્યક્રમ ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા યોજાઈ રહ્યો છે.

